# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## વાત વાતમાંથી



- મેયર મહેન્દ્રસિંહ રાણા અને બે કોર્પોરેટરોના કોંગ્રેસ છોડવાના પગલે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જિલ્લાના કોંગી અગ્રણીઓને બોલાવીને ઉગ્ર ઠપકો આપ્યો હતો.
- મહેન્દ્રસિંહ રાણાના ભાજપમાં જોડાવાના પગલે વધુ ત્રણ-ચાર કોર્પોરેટરો કોંગ્રેસ છોડી રહ્યાની અફવા ગાંધીનગરમાં આખો દિવસ ચાલતી રહી હતી.
- નગરના યુવા અગ્રણી સંજીવ મહેતાએ સ્વામી વિવેકાનંદજીની સાર્ધશતાબ્દિ ચાલે છે ત્યારે વિવેકાનંદજીની કાયસ્થ જ્ઞાતિના પ્રતિનિધિ તરીકે ભાજપમાં ટિકીટ માગી છે.
- ગાંધીનગર ઉત્તર બેઠક પર ભાજપમાં ૧૧ પટેલ અને ૬ બ્રાહ્મણ કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે.
- શનિવારે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો અંગે ચર્ચા થવાની હોવાથી તમામ દાવેદારો એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે.
- ગાંધીનગરના બે સાહિત્ય સર્જકો પણ ચૂંટણી લડવા તૈયાર થયા છે. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ અને મહિલા સર્જક ચંદ્રાબેન શ્રીમાળીએ ભાજપમાં ટિકીટ માગી છે.
- સૅક્ટર-૧૯માં સ્થિત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ શ્રી કેશુભાઈ પટેલનું નિવાસસ્થાન ગુરુવારે દિવસભર રાજકીય કાર્યકરોની અવર-જવરથી ધમધમતું રહ્યું હતું.

## મોદી સામે પડકાર...

- ✸ કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પરિવર્તન પાર્ટી.
- ✸ કેશુભાઈ પટેલ સૌરાષ્ટ્રમાં ઘણી જગ્યાએ વર્ચસ્વ ધરાવે છે જેથી ભાજપ સામે કેશુભાઈ મુશ્કેલી સર્જી શકે
- ✸ કોંગ્રેસના નેતાઓ આ વખતે સંયુક્ત રીતે લડત લડી રહ્યા છે. તેમનામાં આ વખતે ખેંચતાણ દેખાઈ રહી નથી
- ✸ સંઘ પરિવારમાં મોદી વિરોધી પરિબળોની સંખ્યા પણ વધી રહી છે
- ✸ વિકાસના મુદ્દાઓ તથા અન્ય પ્રગતિની બાબતો લોકો સુધી પહોંચી રહી નથી
- ✸ મોદીના ઘણા સમર્થકો અને લોકો હેરાન પરેશાન દેખાઈ રહ્યા છે

## કોંગ્રેસે ગોધરાનો મુદ્દો ઊઠાવતાં જ સનસનાટી

અમદાવાદ,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે નવા નવા મુદ્દાઓ ઉપર આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર તીવ્ર બની ગયો છે. વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસે ફરી એકવાર ગોધરા ટ્રેન અગ્નિકાંડ અને ૨૦૦૨ કોમી હિંસાનો મુદ્દો ઉઠાવીને આશ્ચર્ય ફેલાવી દીધું છે.

કોંગ્રેસ પ્રચાર સમીતિના ઈન્ચાર્જ શંકરસિંહ વાઘેલાએ જ આ મુદ્દો ઉઠાવતા કોંગ્રેસમાં તર્કવિતર્કોનો દોર શરૂ થઈ ગયો છે. સંવેદનશીલ મુદ્દા ઉઠાવીને કોંગ્રેસને નુકસાન થઈ શકે છે તેમ માનનાર કોંગ્રેસના કાર્યકરોની સંખ્યા વધારે છે જેથી વાઘેલાને આ મુદ્દો ઉઠાવવા બદલ કેટલીક સૂચનાઓ મળી શકે છે.

જોકે આ સંબંધમાં કોઈપણ સત્તાવાર માહિતી મળી શકી નથી. અત્રે નોંધનીય છે કે વાઘેલાએ ગઈકાલે રાત્રે રેલીને સંબોધતા ગોધરા કાંડ અને કોમી હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચમાં કાર સેવકોના મોત બદલ વાઘેલાએ સરકારને જવાબદાર ઠેરવી હતી. ખાસ ડબ્બામાં કાર સેવકો મુસાફરી કરી રહ્યા છે તે વાતની જાણ સરકારને કઈ રીતે થઈ તેવો પ્રશ્ન વાઘેલાએ કર્યો હતો.

### ભાજપ હેટ્રીક કરશે તેવી પંડિતોની આગાહી છતાં

# નરેન્દ્ર મોદી સામે ચૂંટણીમાં હવે શ્રેણીબદ્ધ નવા પડકારો

અમદાવાદ, તા.૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ હેટ્રીક નોંધાવવામાં સફળ રહેશે તેવો દાવો પોલ પંડિતો દ્વારા કરવામાં આવી ચૂક્યો છે. ડિસેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મોદી જોરદાર સપાટો બોલાવશે તેવી વાત કરવામાં આવી હોવા છતાં ૨૦૦૨ અને ૨૦૦૭ની સરખામણીમાં આ વખતની ચૂંટણી મોદી માટે વધારે પડકારરૂપ દેખાઈ રહી છે. અગાઉની બે ચૂંટણીમાં કોમી હિંસા, બનાવટી એન્કાઉન્ટર મામલે મોત કા સોદાગર જેવી ટિપ્પણીનો મુદ્દો છવાયેલો રહ્યો હતો પરંતુ આ વખતે વરિષ્ઠ કોંગ્રેસી નેતાએ સોનિયા ગાંધી, રોબર્ટ વાઢેરા, શશી થરુ અને વડાપ્રધાન મનમોહનસિંહ સામે મોદીની ટિપ્પણીનો જવાબ આપ્યો નથી. મનમોહનસિંહને નરેન્દ્ર મોદી મૌન મોહનસિંહ તરીકે ગણાવી ચૂક્યા છે. મોદી સામે કોંગ્રેસ આ વખતે સાવધાની પૂર્વક આગળ વધવા માગે છે. ક્રિકેટની ભાષામાં વાત કરવામાં આવે તો નરેન્દ્ર મોદી કોંગ્રેસના આવા કોઈપણ લુઝ બોલ ઉપર છગ્ગો ફટકારવાની તૈયારીમાં છે પરંતુ આવા લુઝ બોલ આ વખતે કોંગ્રેસ દ્વારા ફેંકવામાં આવી રહ્યા નથી. નરેન્દ્ર મોદીથી આ વખતે અન્ય ઘણા પરિબળો પણ વિરુદ્ધમાં દેખાઈ રહ્યા છે.



આ વખતે ભાજપના વધુ એક શક્તિશાળી નેતા કેશુભાઈ પટેલ અલગ પડી ગયા છે. અલબત્ત ગઈ વખતે પણ તેઓ મોદીથી નારાજ જ હતા પરંતુ આ વખતે તેઓ ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરીને એક નવી સમસ્યા સર્જી ચૂક્યા છે. કેશુભાઈ પટેલની પાર્ટી મેદાનમાં આવવાથી આ વખતે માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નહીં બલ્કે ઘણી જગ્યાએ ત્રિકોણીય જંગનો સામનો મોદીને કરવો પડશે. કોંગ્રેસના વર્કરો આ વખતે એક સાથે આગળ આવ્યા છે અને પ્રચારમાં વ્યસ્ત થયેલા છે. વરિષ્ઠ ભાજપને નેતાઓ પણ કેશુભાઈ પટેલની તાકાતથી વાકેફ દેખાઈ રહ્યા છે. સંઘ પરિવારમાં મોદી વિરોધી પરિબળો વધી રહ્યા છે. પ્રથમ વખત મોદીને ત્રીજા પક્ષ સામે લડવાની પણ ફરજ પડી શકે છે.

### પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે ઈવીએમમાં બ્રેઈલ માર્કીંગ કરાશે

## અંધજન મંડળ-વસ્ત્રાપુર ખાતે મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

### અમદાવાદ શહેર / જિલ્લાના ૪૮૫૬ મતદાન મથકો ઉપર વિકલાંગ મતદારો માટે રેમ્પની વ્યવસ્થા કરાશે





અમદાવાદ, તા.૧

ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨માં મહત્તમ મતદારો પોતાન મતાધિકારનો ઉપયોગ કરે તે માટે મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે અંધજન મંડળ વસ્ત્રાપુર ખાતે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, તાલીમાર્થીઓને વિધાનસભા ચૂંટણીમાં સો ટકા મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી વિજય નેહરાએ અંધ અને અપંગ વ્યકિતઓને આગામી વિધાનસભા ચૂંટણીમાં સો ટકા મતદાન કરી લોકશાહીને સાચા અર્થમાં સાર્થક કરવી તે આપણો હક્ક અને ફરજ છે તેમ જણાવી લોકશાહી શાસન વ્યવસ્થામાં મતદાર જાગૃતિ ખૂબ જ જરૂરી હોવાનું જણાવ્યું હતું.

સમાજના અંધ અને અપંગ વ્યકિતઓ વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે અંધજન મંડળ, વસ્ત્રાપુર દ્વારા સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રી નેહરાએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર / જિલ્લાના ૪૮૫૬ મતદાન મથકો ઉપર વિકલાંગ મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રેમ્પની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. એટલું જ નહીં અંધ અને વિકલાંગ મતદારોને મતદાન દરમિયાન લાઈનમાં ઉભા રહેવું ન પડે તેવી સુવિધા ઉભી કરવામાં આવશે.

શ્રી નહેરાએ ઉમેર્યું હતું કે, વિધાનસભા ચૂંટણીમાં પ્રજ્ઞાચક્ષુઓ બ્રેઈલ લિપિથી મતદાન કરી શકે તે માટે ઈ.વી.એમ.માં બ્રેઈલ માર્કીંગ કરવામાં આવશે. પ્રજ્ઞાચક્ષુ મતદારોને બ્રેઈલ માર્કીંગ સાથેનું મતપત્ર આપવામાં આવશે. ત્યાર બાદ તેઓ મતકુટિરમાં જઈ ઈ.વી.એમ. પર પોતાની પસંદગીના ઉમેદવારોને બ્રેઈલ માર્કીંગથી મત આપી શકશે. બ્રેઈલ લીટ્રેડ પ્રજ્ઞાચક્ષુઓ કોઈ પણ વ્યકિતની મદદ વગર મતદાન કરી શકે તેવી સંપૂર્ણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

'સ્વીપ'ના ચીફ નોડલ અધિકારી અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, શ્રી એ.જે.શાહે લોકશાહીના મહાપર્વ એવી વિધાનસભા ચૂંટણીમાં સો ટકા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે જરૂરી છે તેમ જણાવી મતદાર જાગૃતિ અભિયાનની વિસ્તૃત સમજ આપી હતી.

અંધજન મંડળ, વસ્ત્રાપુરના કાર્યકારી નિયામક ડૉ.પુનાનીએ જણાવ્યું હતું કે, નેશનલ સેમ્પલ સર્વેના આંકડાઓ મુજબ દેશમાં બે ટકા લોકો વિકલાંગ છે. વિકલાંગોને પણ મત આપવાનો અધિકાર છે, ત્યારે સમાજના અંધ અને અપંગ વ્યકિતઓ સો ટકા મતદાન કરે તેવા પ્રયાસો સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે નાયબ કલેકટર શ્રી અશોક પટેલ, રેડિયા મીર્ચીના આર.જે. ધ્વનિત પટેલ, સંસ્થાના હોદ્દેદારો સહિત પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ, તાલીમાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

## મહેન્દ્રસિંહ રાણાને આવકારવાના કાર્યક્રમનું ભાજપ દ્વારા આયોજન કરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના મેયર અને અન્ય બે કોંગ્રેસી કૉર્પોરેટર્સ ગાંધીનગરનો વધુ સારી રીતે વિકાસ થઈ શકે તેવા શુભ આશયથી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે એવો સૂર ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર ભાજપના ઉપ પ્રમુખ જિજ્ઞેશ જોષીએ આ સૂર વ્યક્ત કરતાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરની રચના બાદ સૌપ્રથમવાર અસ્તિત્વમાં આવેલી નગરપાલિકામાં કોંગ્રેસનું શાસન હતું, તે નગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ મનુભા રાણા તેમના બે કોર્પોરેટર્સ સાથે ગઈકાલે કોંગ્રેસની શાસન પદ્ધતિ તથા કોંગ્રેસની સંગઠન કાર્ય પદ્ધતિથી નારાજ થઈ તેમજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ ગુજરાત સર્વાંગીણ વિકાસમાં સહભાગી થવા તથા ગાંધીનગરનો વધુ સારી રીતે વિકાસ થઈ શકે તેવા શુભ આશયથી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. ગાંધીનગર ભાજપ દ્વારા મહેન્દ્રસિંહ રાણાને ભાજપમાં આવકારવાના એક કાર્યક્રમનું આજે આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગરના અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટે મહેન્દ્રસિંહને પક્ષમાં આવકારી



તેમના પક્ષ પ્રવેશથી પક્ષની મજબૂતીમાં ગુણાત્મક વધારો થશે તેવી ખાતરી ઉચ્ચારી હતી. ધારાસભ્ય શંભુજી ઠાકોરે મેયરને આવકારતાં તેમના કૌટુંબિક સંબંધોને યાદ કરી જણાવ્યું હતું કે મેયરના પક્ષ પ્રવેશથી ગાંધીનગર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીની મજબૂતી તો વધી જ છે, સાથે કોંગ્રેસના સંગઠનની નબળાઈઓ પણ છતી થઈ છે.

વિપક્ષના નેતા મનુભાઈ પટેલે મહેન્દ્રસિંહની કામ કરવાની ઢબની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે કોર્પોરેશનમાં જ્યારે પણ નગરના વિકાસની વાત આવે ત્યારે તેમણે પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને નગરના હિતમાં હોય એવા નિર્ણયો હંમેશા કર્યા છે. અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ પુનમભાઈ મકવાણાએ મેયરને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં વિશ્વની નજર જ્યારે ગુજરાત પર રહેવાની છે ત્યારે મહેન્દ્રસિંહ રાણાએ ખૂબ જ યોગ્ય સમયે આ નિર્ણય લીધો છે.


મહેન્દ્રસિંહે ઉપસ્થિત સર્વને સંબોધન કરતાં જણાવ્યું હતું કે હું કોઈ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાને લઈને ભાજપમાં જોડાયો નથી પરંતુ મુખ્યમંત્રીએ ગુજરાતનો વિકાસ કરી જે રીતે ગુજરાતને વૈશ્વિક ઓળખ આપી છે તેનાથી પ્રભાવિત થઈ તેમજ વિકાસની યાત્રામાં સહભાગી થવા ભાજપમાં જોડાયો છું. ગાંધીનગર મહાનગરપાલિકા તથા રાજ્ય સરકારના સહિયારા પ્રયાસથી ગાંધીનગરનો વિકાસ થાય તેવા આગામી સમયમાં મારા પ્રયત્નો રહેશે તથા મુખ્યમંત્રીએ ગાંધીનગરને વિકાસના મોડેલ તરીકે વિશ્વ સમક્ષ રજૂ કરવાનું જે સ્વપ્ન જોયું છે તે આપણે સૌએ આગામી સમયમાં સાથે મળીને સિદ્ધ કરવાનું છે.

આ પ્રસંગે મહાનગરના હોદ્દેદારો, કોર્પોરેટર્સ, સંગઠનના સિનીયર કાર્યકર્તાઓ, વોર્ડ પ્રમુખ, મહામંત્રીઓ, મોરચા તથા સેલના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના રાજકીય ઈતિહાસમાં ૧૯૪૭ પછી આવેલા ચઢાવ-ઉતાર દરમ્યાન જે શાસકોએ ગુજરાતની ગાદી ઉપર રાજય કર્યુ છે તેની આછેરી ઝલક

***ગુજરાતના રાજકીય ઈતિહાસમાં ૧૯૪૭ પછી આવેલા ચઢાવ-ઉતાર દરમ્યાન જે શાસકોએ ગુજરાતની ગાદી ઉપર રાજય કર્યુ છે તેની આછેરી ઝલક આ કોલમમાં વાંચવા મળશે. ઢેબરભાઈ થી નરેન્દ્ર મોદી....આટલા વર્ષમાં કોણે શું કર્યુ, ક્યા શાસનમાં બળવો થયો....ક્યા મુખ્યમંત્રીએ -જાને કેવા ચાંદ બતાવ્યા ....મુખ્યમંત્રીની કામ કરવાની પદ્ધતિ અને ગુજરાતની અસ્મિતા.... આ બધું વાચો....***


## ગુજરાતની ભૂમિના રાજા



**- ગૌતમ પુરોહિત**

**-ાચિનકાળનો આનર્ત દેશ જે બન્યું ગુજરાત રાજય**

વૈદિક કાળમાં ગુજરાતને આનર્ત દેશ તરીકે ઓળખવામાં આવતો હતો. સોમનાથ મંદિર, ગિરનાર પર્વતનો પૌરાણિક વાર્તાઓમાં ઘણો ઉલ્લેખ જોવા મળે છે. તે સમયે સરસ્વતી નદી ગુજરાત સુધી વહેતી હતી. મહાભારત દરિમયાન ભગવાન શ્રીકૃષ્ણએ ગુજરાતના પશ્ચિમ કિનારા પર દ્વારિકા નગરી વસાવી હતી. પાંડવો જે વિરાટ નગરીમાં અજ્ઞાતવાસમાં રહેલા તે વિરાટ નગરી પણ આજના કચ્છ -દેશમાં આવી છે. યાજ્ઞવલ્કય ઋષિ નર્મદાના કિનારાના -દેશમાં રહેતા હતા.





ઐતિહાસિક ગુજરાતની મૂળ ઓળખ ધોળાવીરા અને લોથલ છે. સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો મળી આવેલા છે. પુરાતન કાળથી ગુજરાત હંમેશા તેના દરિયાકિનારા માટે જાણીતુ રહ્યું છે. નગરો મૌર્ય અને ગુપ્ત સામ્રાજયમાં બંદરો અને વ્યાપારનાં કેન્દ્રો રહેલા છે. ત્યારબાદ ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર, પાટણ અને લાટ (દક્ષિણ ગુજરાત) એમ ચાર અલગ રાજયો એક સાથે અસ્તિત્વમાં રહેલા છે.

ગુજરાતની સલ્તનતની સ્થાપના ૧૩મી સદી દરમ્યાન થઈ હતી જે ૧૫૭૬ સુધી સત્તામાં રહી, જે સમયે અકબરે ગુજરાત પર વિજય મેળવી તેને મુઘલ સામ્રાજયમાં સમાવી લીધું હતું. ૧૮મી સદીમાં મરાઠાઓએ તેના પર વિજય મેળવ્યો હતો. અંગ્રેજ શાસન કાળમાં અને આઝાદી પછી પણ છેક ૧૯૬૦, ૩૦ એ-િલ સુધી ગુજરાત બૃહદ્ મુંબઈ રાજયનો એક ભાગ હતું.

યુરોપની વિવિધ સત્તાઓનું આગમન ગુજરાતમાં પોર્ટુગલ સાથે થયું, જેણે ઈ.સ. ૧૬૦૦માં ગુજરાતના દરીયાકિનારે દમણ અને દીવ, દાદરા અને નગરહવેલી જેવા અલગ અલગ કેન્દ્રોમાં સત્તા સ્થાપી. ૧૬૧૪માં બ્રિટને સુરતમાં એક ફેક્ટરી નાખી જે તેમનું ભારતમાં પહેલું મથક હતું, ૧૬૬૮માં મુંબઈ મેળવ્યા બાદ સુરતનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૮ સદીમાં દ્વિતિય અંગ્રેજ-મરાઠા યુદ્ધ દરમ્યાન મોટાભાગના ગુજરાતમાં બ્રિટીશ સત્તા સ્થાપિત થઈ ચુકી હતી. આ રીતે ગુજરાત બ્રિટિશ ભારતનો ભાગ બન્યું હતું.

ગુજરાતના કેટલાક ભાગોનો વહીવટ બ્રિટન મુંબઈ રાજય દ્વારા કરતું હતું. ગુજરાતની શાસન વ્યવસ્થા તત્કાલિન બોમ્બેના શાસક દ્વારા કરવામાં આવતી હતી. જેમાં વડોદરા સામેલ ન હતું, જે સીધા જ ભારતના ગર્વનર જનરલના તાબા હેઠળ હતું. ઈ.સ. ૧૮૧૮થી ઈ.સ.૧૯૪૭ દરમિયાન આજનું ગુજરાત અનેક નાના-નાના વિસ્તારો જેવાકે કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર પશ્ચિમ ગુજરાતમાં વહેંચાયેલું હતું. પણ ઘણા મધ્યના જિલ્લા જેવા કે અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત -ંતો સીધા જ બ્રિટિશ સરકારના તાબા હતાં.

**ભારતની આઝાદી પછીનું ગુજરાત**

૧૯૪૭માં ભારતને આઝાદી મળી અને ભારતના ભાગલા પછી ભારત સરકારે ગુજરાતના રજવાડાંઓનું ત્રણ ભાગમાં વિભાજન કર્યુ. કચ્છ, સૌરાષ્ટ્ર અને બૃહદ્ મુંબઈ રાજય. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડ દ્વીપકલ્પના તમામ રજવાડાંઓને ભેગા કરવામાં આવ્યા હતાં, જયારે મુંબઈ રાજમાં મોટાભાગના પશ્ચિમી અને મધ્ય ભારતનો સમાવેશ થયો હતો. સ્વતંત્રતા પછી ઈ.સ. ૧૯૪૮માં મહાગુજરાત સંમેલન થયું જેમાં ગુજરાતી બોલનાર વસ્તી ધરાવતા વિસ્તારે પોતાના અલગ રાજયની માંગ કરી.

૧૯૫૬ માં મુંબઈ રાજયમાં કચ્છ અને સૌરાષ્ટ્ર નો, તથા હૈદરાબાદ અને મધ્ય -દેશ રાજયોના કેટલાક ભાગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નવા મુંબઈ રાજયના ઉત્તર ભાગમાં લોકો ગુજરાતી બોલતા હતા, જયારે બાકીના ભાગની ભાષા મરાઠી હતી. ઈ.સ. ૧૯૬૦, ૧લી મેના મરાઠી અલગતાવાદી પરીબળોના આંદોલનોથી મુંબઈ રાજયનું ભાષાના આધારે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજયોની અલગ રચના કરવામાં આવી.

ગુજરાતી ભાષા બોલનાર વિસ્તારમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ કરાયો. આમ પહેલીવાર ગુજરાતે સ્વાયત રાજયનો દરજ્જો મેળવી લીધો. ગુજરાતની પહેલી રાજધાની અમદાવાદ હતી. ૧૯૭૦માં નવા બનાવેલા શહેર ગાંધીનગરમાં રાજધાની ખસેડવામાં આવી હતી.

ગુજરાત ભારતના પશ્ચિમ તટે આવેલું રાજય છે. તે પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તર અને ઈશાને રાજસ્થાન, પૂર્વે મધ્ય -દેશ અને દક્ષિણે મહારાષ્ટ્રથી ઘેરાયેલું છે.

**મુખ્યમંત્રી અને સત્તાનો સમય............**

ડૉ.જીવરાજ મહેતા ........ ૧૨૩૬ દિવસ
બળવંતરાય મહેતા ........ ૭૩૧ દિવસ
હિતેન્દ્ર દેસાઈ .............. ૨૦૬૨ દિવસ
ઘનશ્યામભાઈ ઓઝા .... ૪૮૭ દિવસ
ચીમનભાઈ પટેલ ......... ૧૬૫૩ દિવસ
બાબુભાઈ જ. પટેલ ....... ૧૩૧૦ દિવસ
માધવસિંહ સોલંકી ........ ૨૦૪૬ દિવસ
અમરસિંહ ચૌધરી ........ ૧૬૧૭ દિવસ
છબીલદાસ મહેતા ........ ૩૮૯ દિવસ
કેશુભાઈ પટેલ ............. ૧૫૩૨ દિવસ
સુરેશચંદ્ર મહેતા ........... ૩૩૪ દિવસ
શંકરસિંહ વાઘેલા ......... ૩૬૯ દિવસ
દિલીપ પરીખ .............. ૧૨૭ દિવસ
નરેન્દ્ર દા.મોદી ............ ૪૦૦૦ દિવસ
(૧૮ સપ્ટેમ્બર, ૧૨ સુધી)

(ક્રમશઃ)